ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

કેટેગરી	વિનર	રનર્સઅપ	વિનર	રનર્સઅપ
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)	નમહ પારકર	યશવીર વાઘેલા	આયુષી દવે	માહી ઠક્કર
બેસ્ટ કિડ (૭ થી ૧૨ વર્સ સુધીના)	વ્યોમ રાવલ	ઋષવ શાહ	મૌરવી વોરા	જીયા ગજજર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના)	રાજ ભાવસાર	ઉત્સવસિંહ ચાવડા	ઉષ્મા માંડલીયા	જાનવી રાઓલ
બેસ્ટ ડ્રેસ	દિપક પારકર	અભિષેક પટેલ	લીચી ઉપાધ્યાય	કામાક્ષી રાઓલ
બેસ્ટ કિંગ અને ક્વિન	મુકેશ રાવલ	કલ્પેશ ઠક્કર	હિના કંદોઈ	રેશ્મા પટેલ
બેસ્ટ પેર	અર્ષિત પટેલ	અંજના પટેલ	માનસી આચાર્ય	મણીરાજ પરમાર
બેસ્ટ ફરફોર્મ્સ	રોકી પટેલ	વીર સંઘવી	શ્વેતા પરમાર	કિષ્ના રાજપૂત

મેગા ફાઈનલના વિજેતાઓ

બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)	નંદીશ રાવલ	પ્રાંશુ શાહ	આસ્થા શાહ	શ્રેયા દક્ષિણી
બેસ્ટ કિડ (૭ થી ૧૨ વર્ષ સુધીના)	ઋષિલ સુખડીયા	ચંદ્રપાલસિંહ ઝાલા	જાનવી ઠક્કર	પરીસા દવે
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના)	અભિષેક સોની	ધ્રુવ શાહ	વિધિ પટેલ	ઈશા ગોહિલ
બેસ્ટ ડ્રેસ	દિપક પારકર	નિતિન શિકારી	પંક્તિ પટેલ	પિંકી મુદ્રા
બેસ્ટ કિંગ અને ક્વીન	રૂપેશ પરીખ	મુકેશ ઉપાલા	અનિતા પરમાર	આરતી પટેલ
બેસ્ટ પેર	મિહિર જોષી	દિશા જોષી	મહેલુ ભોજક	પાર્થ પરમાર
બેસ્ટ ફરમોર્ન્સ	અમરદિપસિંહહાડા	નિકુંજ મકવાણા	રિદ્ધી ડાભી	ઈશાની જોષી

આજે ગાંધીનગરમાં કવિ રાજેન્દ્ર શુકલનું વ્યાખ્યાન "મારી શબ્દયાત્રા"

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના મિત્રવર્તુળ દ્વારા વિવિધ વિષયોને આવરી લેતી વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કર્યુ છે. પ્રા. તખ્તસિંહજી પરમાર (ગુરુજી) વ્યાખ્યાન શ્રેણીનું દર ત્રણ મહિને એકવાર વ્યાખ્યાન યોજાશે. આ શ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન "મારી શબ્દયાત્રા" શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ બ્લોક નં-૧૪૬-૪ ચ ટાઈપ સેકટર-૧૭ હનુમાનજી રોડ જુના હેલીપેડ સામે તા.૧૨ ઓકટોબરના રોજ સાંજે ૪.૪૫ થી ૬ કલાક દરમિયાન યોજાશે. નગરના સાહિત્ય પ્રેમીઓને વ્યાખ્યાન શ્રેણીનો લાભ લેવા આયોજન સમિતિએ અનુરોધ કર્યો છે.

ભાવનગરને કાર્યક્ષેત્ર બનાવી શિક્ષણ, સેવા, કેળવણી, સમાજ, અને સંસ્કૃતિનું અનેક વિદ્યાર્થીઓમાં સિંચન કરી ૯૭ વર્ષની વયે આજે પણ ભાવનગરથી સમગ્ર ગુજરાતમાં વિદ્યાપ્રિતીની જયોત પ્રજ્જવલિત રાખનાર વિદ્યાગુરુ શામળદાસ આર્ટસ કોલેજના વયનિવૃત પ્રિન્સિપાલ પ્રા. તખ્તસિંહજી પરમાર (ગુરુજી)ના નામ સાથેની તેમની સુવાસની જયોત ગાંધીનગર દ્વારા વધુ તેજસ્વી બને તેવા શુભ આશયથી ગાંધીનગરના મિત્ર વર્તુળે દર ત્રણ મહિને સાહિત્ય, સંસ્કૃતિ, સેવા ધર્મ, કેળવણી અને શિક્ષણ વગેરે વિષય પર વ્યાખ્યાન યોજવાનું નક્કી કર્યુ છે. ત્યારે આ શ્રેણીનો પ્રથમ મણકો ગાંધીનગરના આંગણે છે. મારી શબ્દયાત્રા વ્યાખ્યાન એ નરસિંહ મહેતા પરંપરાના રૂષી કવિ રાજેન્દ્ર શુકલ આપશે. આ વ્યાખ્યાનનો લ્હાવો લેવા નગરજનોને આયોજન સમિતિના મહેન્દ્ર ત્રિવેદી, વસંત ગઢવી, અને અશોકસિંહ પરમારે અનુરોધ કર્યો છે.

આદર્શ નિવાસી શાળામાંથી પ્રોજેક્ટર ચોરાયું

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનગર ખાતે આવેલ આદર્સ નિવાસી આશ્રમ શાળામાં શિક્ષકોના તાલીમ કેમ્પ રાખેલ હોઈ અમદાવાદથી પ્રોજેક્ટર લઈ ભીખાભાઈ ખેતાભાઈ પટેલ આવેલ તાલીમ દરમ્યાન પ્રોજેક્ટરનો કિં. રૂ. ૩૯૮૫૦ ઉપયોગ ન હોઈ પ્રોજેક્ટરને આચાર્યના રૂમમાં મુકેલ હતુ.

જે પ્રોજેક્ટર કોઈ અજાણ્યા ચોર ઈસમો તા. ૪-૧૦-૧૬ થી ૬-૧૦-૧૬ના સમય દરમ્યાન ચોરી ગયા હતા. જે અંગે ભીખાભાઈ ખેતાભાઈ પટેલ કેશવપ્રિય એપાર્ટમેન્ટ, ગોપાલનગર, નારાયણપુરા અમદાવાદે અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

અબોલ જીવ પ્રત્યે અનોખી અનુકંપા

ક્યારેક એવુ બને જીવનમાં કે અજાણતા જ આપણા હાથે કોઈ નિર્દોષને હાનિ પહોંચે તો તેનું દુઃખ આપણને પણ વ્યથિત કરી મુકે છે. આવી જ એક ઘટના મંગળવારે ગાંધીનગરના ચ-રોડ પર જિલ્લા પંચાયત સામે બનવા પામી હતી. આ માર્ગથી કારમાં પસાર થઈ રહેલ એક પરિવારને ગાય સાથે અકસ્માત નડ્યો અને આ અકસ્માતમાં ગાયનું ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યુ હતુ. આ ઘટનાથી કારમાં સવાર પરિવારની મહિલા સભ્યનું હૃદય અત્યંત વ્યથિત થઈ જવા પામ્યુ અને તેઓ કારની બહાર નીકળી ચોધાર આંસુએ રડતા ફૂટપાથ પર બેસી ગયા હતા. અહીં તેમણે મૃતક ગાયના આત્માની શાંતિ માટે ભગવદ્ ગીતાના ૧૫માં અધ્યાયનું પઠન ચાલુ કરી દીધુ હતુ. એક અબોલ પ્રાણી પ્રત્યે તેમની અનુકંપાએ એકત્ર થયેલા નગરવાસીઓને અચંબિત કરી દીધા હતા.

વિજયા દશમી-દશેરા નિમિત્તે જિલ્લા પોલીસ હેડકવાર્ટર ગાંધીનગર ખાતે પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ દ્વારા પોલીસ વિભાગમાં વપરાતા શસ્ત્રોની પુજા કરવામાં આવી હતી. જેમાં પોલિસ અધિકારી અને જવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શસ્ત્ર પુજાનું આયોજન આર.એસ.આઈ. ટુંડિયાનાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિજયાદશમીનું પર્વ એટલે સત્ય અને ન્યાયના વિજયનું પર્વ. શહેરમાં કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા ૨૯મો વિજયાદશમી ઉત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં રાજપૂત સમાજના સભ્યોએ શસ્ત્રપૂજન કર્યુ હતુ. આ પ્રસંગે તલવારબાજી તથા સાફા બાંધવાની તાલીમ તથા હરિફાઈ યોજવામાં આવી હતી. આ ઉત્સવમાં સમાજના ભૂલકાંઓ, કિશોરો, યુવાઓ તથા વડીલો સહિત તમામે મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

નવરાત્રીના છેલ્લા નોરતે ખેલૈયાઓ મનભરીને ગરબે ઘૂમ્યા હતા. આ સાથે શહેરમાં કેટલીક શેરી ગરબામાં સમૂહ આરતી યોજવામાં આવી હતી. સેક્ટર-૨૨માં છ-ટાઈપ આવાસોની મહિલાઓ દ્વારા નવમા નોરતે સમૂહમાં મહાઆરતી કરી આદ્યશક્તિ મા જગદંબાના મહાપર્વનું સમાપન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર રાજપૂત સમાજે શસ્ત્રો સાથે શાસ્ત્રોનું પૂજન કર્યું

ગાંધીનગર, તા. ૧૧

રાજપૂત સમાજ ગાંધીનગર અને જિલ્લા રાજપૂત સેવા સમાજ દ્વારા રાજપૂત ભવન ખાતે ૪૧માં વિજયાદશમી મહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે શસ્ત્રો અને શાસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું.

જી.પી.સી.સી. પ્રવકતા જયરાજસિંહ પરમારે જણાવ્યુ હતુ કે બદલાતા સમાજમાં તાલ મીલાવા ક્ષત્રિયોમાં અને ખાસ કરીને દિકરીઓમાં શિક્ષણનો વ્યાપ વધારવા જણાવ્યુ હતુ. પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સમાજમાં વ્યસનમુકતીનું અભિયાન ચલાવવા આહવાન કર્યુ હતુ. સર્વ દુઃખની માત્ર એક જ દવા તે શિક્ષણ દ્વારા જ સમાજનો સર્વાંગી વિકાસ કરી શકાશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુક ડૉ. શંકરસિંહ રાણા, વિક્રમસિંહ ગોલ, સંયોજક પ્રદિપસિંહ વાઘેલા, અમરસિંહ ગોલ કાર્યકારી પ્રમુખ નટવરસિંહ વાઘેલા તેમજ સમાજના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી શસ્ત્રો સરસ્વતી પૂજન પ્રતિક રૂપે કલમનું પૂજન કરવામાં આવ્યું હતું. તેમ પ્રચાર મંત્રી વિનોદસિંહ રાઠોડે અખબારી યાદીમાં જમાવ્યું હતું.

ફોરમના ગરબા શ્રેષ્ઠ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શક્તિશાળી બને આસુરી શક્તિ ખતમ થાય તેવી પણ પ્રાર્થના તેમણે કરી હતી. તેમણે ગુજરાતની પ્રગતિ માટે પણ માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી. વિજ્યાદશમીના પર્વને અનુલક્ષી તેમણે અધર્મ પર ધર્મનો વિજય થાય છે. તેમ જણાંવતા તેમણે ઉમેર્યું હતુ કે રાવણ જેવા લોકોનો જો વધ થતો હોય તો કોઈની શુ વિસાત છે. અધર્મનો નાશ થાય તેવી પ્રાર્થના સાથે તેમણે સૌ કોઈને દશેરાના પર્વી શુભકામના પાઠવી હતી. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવના આંગણે મુખ્યમંત્રી મહેમાન બનતા ખૈલેયાઓના ઉત્સાહ પ્રવર્તયો હતો. જયારે ગરબા મેદાનમાં અવનવા ભાતીગળ વસ્ત્રો સાથે ગરબાની રમઝટ માંણી વિજય રૂપાણી પણ દંગ રહી ગયા હતા. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તથા અધિકારીઓ, પદાધિકારીઓ સહિત અગ્રણી નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમુદાય છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, દેશના લોકોને તેને જડથી ખતમ કરવાની જરૂર છે. જય શ્રી રામના જય ઘોષ સાથે પોતાના ભાષણની શરૂઆત કરનાર વડાપ્રધાને કહ્યુંહતું કે, આતંકવાદ સામે સૌથી પ્રથમ લડાઈ જટાયુએ લડી હતી. વર્તમાન સમયમાં તમામ દેશવાસી જટાયુની ભૂમિકા અદા કરીને ત્રાસવાદને ખતમ કરી શકે છે. મોદીએ કહ્યું છે કે, પહેલા દુનિયા ત્રાસવાદને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે ગણાતી હતી પરંતુ ૨૬-૧૧ના હુમલા બાદ દુનિયાને જાણવા મળ્યું કે, આતંકવાદની કોઈ મર્યાદા હોતી નથી. વિશ્વની શક્તિઓને હવે એકમત થવાનો સમય આવી ગયો છે. વડાપ્રધાને ટીવી ઉપર સિરિયાની એક નાની બાળાના ફોટાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આવા ફોટા જોઈને કોઈપણ વ્યક્તિ ભાવનાશીલ બની શકે છે. આતંકવાદને ખતમ કર્યા વગર માનવતાનું રક્ષણ શક્ય નથી. વિજયા દશમીના પ્રસંગે મોદીએ પુત્રીઓની સાથે થઈ રહેલા ભેદભાવની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, દુનિયા આજે ગર્લ્ડ ચાઈલ્ડ દિવસ પણ ઉજવી રહી છે.

છોડીશું નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી ચુક્યા છે કે સર્જિકલ સ્ટ્રાઈકને ચૂંટણી મુદ્દો બનાવવામાં આવી શકે છે. ભારતેઉરીમાં ત્રાસવાદીઓદ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ સપ્ટેમ્બર મહિનાના અંતે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસી જઈને ત્રાસવાદીઓની સામે સર્જિકલ હુમલો કર્યો હતો. સેનાના કમાન્ડોએ ત્રાસવાદીઓના અનેક અડ્ડાઓને ફૂંકી માર્યા હતા. ત્રાસવાદીઓ અને તેમના સમર્થકોને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યુંહતું. પક્ષોનો આક્ષેપ છે કે, ભાજપ આ મુદ્દાને લઈને ચૂંટણીમાં લાભ ઉઠાવવાના પ્રયાસમાં છે. બીજી બાજુ ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ આ મુદ્દા ઉપર હવે વાત કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ મુદ્દાને ઉઠાવવાના પ્રયાસ તમામ પક્ષો કરી રહ્યા છે.

નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

થોડાં બિસ્કીટ પણ લીધા.

તેમણે વિચારી રાખેલું કે ગુડ્ડુને કાલથી સ્કૂલ મોકલવી જ છે. પોતાના બાકી ખરચા પુરા કરવા તેઓ પૈસાદાર ઘરનાં છોકરાઓને ટ્યુશન ભણાવશે. તેમાંથી એ ખર્ચ નીકળી જશે.

રીક્ષામાં સામાન લઈ ઘેર પાછા ફરતાં દાદાજી આજ વધુ ખુશ હતા. તે વિચારતા હતા કે છેલ્લે કરેલ ખરીદી ગુડ્ડુના ચહેરા પર સ્મિત અને નિખાર લાવશે.

બીજે દિવસે સવારે ગુડ્ડુ દાદાજીની આંગળી પકડી સ્કૂલ જઈ રહી હતી. તેમણે ગુડ્ડુનીમાંને સમજાવી હતી. ખભા પાછળ દફ્તર ભરાવી ગુડ્ડુ ખુબ ખુશ હતી. પોતાની આદત મુજબ રસ્તામાં તે ખુબ વાતો કરતી રહી હતી. અચાનક તે કહેવા લાગી 'દાદાજી, હું સમજી મારા પપ્પા પણ બિલકુલ તમારા જેવા જ હશે ખરું ને?'

'એ કઈ રીતે?' દાદાજી ચોંકીને સામો પ્રશ્ન પુછી બેઠા. પણ આ વખતે ગુડ્ડુના જવાબે તેમના માટે કંઈ પુછવાપણું રહેવા દીધું નહીં.

'જુઓ દાદાજી, પોતાનાં બાળકોની આંગણી પકડી લઈ જતા બધા પપ્પાઓ બિલકુલ આપણા જેવા જ દેખાય છે ને.'

દાદાજીનું હૃદય કરુણા અને મમતાથી ભરાઈ આવ્યું. તેમણે ગુડ્ડુને દત્તક લઈ લેવાનો નિર્ણય કરી લીધો.

ગુલમહોર ● ૪ પાનાનું ચાલુ...

નહીં, પણ પ્રેમ નામનો માત્ર આભાસ જ હોઈ શકે.

પ્રેમમાં છળ યા કપટને કોઈ સ્થાન ન હોઈ શકે. પ્રેમમાં સત્ય મુખ્ય હોય. અસત્યની ગેરહાજરી હોય ત્યાં પ્રેમ પાંગરે અને ટકે, વિકસે. જો સંબંધમાં ખોટું બોલવું પડે, જૂઠનો સહારો લેવો પડે તો એમાં વળી પ્રેમ ક્યાં આવ્યો? પ્રેમ તમને જૂઠું ન બોલાવે. પ્રેમ તો એક પવિત્ર સંબંધનું સરનામું છે. પ્રેમ તમને કોઈ ખોટું કાર્ય પણ ન કરાવે. પ્રેમ તમને અસત્ય પણ ન બોલાવે. પ્રેમ તમને એવી પરિસ્થિતિમાં ન મૂકી દે કે તમારે જૂઠનો સહારો લેવો પડે.

પ્રેમમાં બે વ્યક્તિ માનસિક સ્તર ઉપર બે મટીને એક બને છે. એક અસ્તિત્વ. જેમાં એકમેકના વ્યક્તિત્વનો સંપૂર્ણ આદર અને સ્વીકાર હોય. એકમેકની ખામીઓનો પણ સ્વીકાર અને ખુબીઓનો પણ સ્વીકાર. પરંતુ પ્રેમ એટલે કોઈ ખાબોચિયાનું ગંદુ પાણી નહીં. પ્રેમ એટલે નિરંતર વહેતી આનંદધારા. પ્રેમમાં તમે તમારા વ્યક્તિત્વને નિખારી શકો, સુધારી શકો.

એકમેકનો આદર એટલે એકમેકને ગમતી વૃત્તિ અને પ્રવૃત્તિ. પરંતુ જીદનું નામ પ્રેમ ન હોઈ શકે. તમારા આગ્રહ-અભિગ્રહ તમારી ગમતી વ્યક્તિ ઉપર લાદી ન શકાય. જો કે સમાન સ્તરે એ વાત પણ એટલી જ યોગ્ય છે કે તમારા પ્રિયજનને શું ગમે છે અને શું નથી ગમતું, એનો આદર પણ થવો ઘટે. પોતાની જાતને પણ આદર આપવો રહ્યો અને પોતાના પ્રિયજનને પણ આદર આપવો રહ્યો.

પ્રેમ એટલે પ્રિયજન કહે એમ કરવું એવું નહીં. પરંતુ પ્રિયજનની સાથે પ્રેમની સફરમાં એકમેકને હેત અને હળવાશ આપતા રહેવું. સંબંધનો ભાર લાગવા માંડે અને સંબંધ માત્ર નિભાવવા પડે છે, એવું લાગવા માંડે ત્યારે તમારા ખભાને એવા સંબંધનો ભાર લાગે છે. એવા સંબંધને તડકે મૂકી દેવા જોઈએ. એવા સંબંધનું નામ કદી પ્રેમ ન હોઈ શકે.

પ્રેમ નામના સંબંધમાં તમારે એકમેકના પહેરેદાર કે ચોકીદાર બનવાનું નથી. એકમેકના પૂરક અને પ્રેરક બનવાનું છે. હા, એકમેકનું હિત સાચવવાની જવાબદારીનું નામ પણ પ્રેમ. તમારા પ્રિયજનને મુશ્કેલીમાંથી બચાવો એનું નામ પણ પ્રેમ. તમારા પ્રિયજન ઉપર કોઈ મુસીબત આવી રહી હોવાનું તમે જોઈ શકો અને છતા તમે ચુપચાપ જોયા કરો એ કોઈ પ્રેમ ન હોઈ શકે.

જસ્ટ ટ્વિટ :

મળવું હો તો આનાકાની નહીં કરવાની,
આમ મહોબ્બત છાનીમાની નહીં કરવાની.

- ખલીલ ધનતેજવી

મહાઆરતી... ● ત્રીજા પાનાનું ચાલુ

ઉતારતા આનંદની લાગણી અનુભવુ છુ. આજની તાતી જરૂરીયાત શસ્ત્રો અને સરસ્વતી પૂજન કરીએ તેમજ શક્તિ પૂજન દ્વારા સમાજમાં સુખ શાંતિ પ્રસરે તેમ જણાવ્યું હતું. આ મહાઆરતીમાં વાવોલ ગામના અગ્રણી અને પૂર્વ તાલુકા સદસ્ય વિક્રમસિંહ ગોલ, અમરસિંહ ગોલ, સરપંચ કમલેશસિંહ ગોલ, તાલુકા સદસ્ય કુબેરસિંહ ગોલ, પ્રેમલસિંહ ગોલ, મહાકાળી યુવક મંડળના હોદેદારો તેમજ પત્રકાર વિનોદ રાઠોડ, પ્રેસ ફોટોગ્રાફર રાધેશ્યામ રાઠોડ વિગેરેએ મંત્રી ભુપેન્દ્રસિંહજીનું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ મહાઆરતીનો લાભ નગરમાં વસતા સંયુક્ત માહિતી નિયામક પુલક ત્રિવેદીએ પણ સહ પરિવાર ભાગ લીધો હતો. તેમજ મહાકાળી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તરૂણ હોમાયો... ● ત્રીજા પાનાનું ચાલુ

ગંભીર હાલત જોઈને તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ટ્રાન્સફર કર્યો હતો. જો કે ત્યા અમદાવાદમાં સારવાર દરમ્યાન હિતેશનુ પ્રાણપંખેરુ ઉડી ગયુ હતુ. આ મામલે પેથાપુર પોલીસને જાણ થતા જમાદાર વિજયસિંહે અકસ્માત મોત્નો ગુનો નોંધી મૃતદેહ પી.એમ કરાવી મૃત્યુનુ ચોક્કસ કારણ જાણવા એફ.એસ.એલની મદદ લઈને ઉંડી તપાસ શરુ કરી છે.

ભવ્ય વિજય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેસ્ટ સદી ફટકારી હતી અને અણનમ ૧૦૧ રન કર્યા હતા. ભારતે ત્રણ વિકેટે ૨૧૬ રન બનાવ્યા બાદ દાવ ડિકલેર કર્યો હતો જેથી ન્યુઝીલેન્ડ સામે જીતવા માટે ૪૭૫ રનનો મહાકાય લક્ષ્યાંક આવ્યો હતો જેની સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેનોનો ફલોપ શો રહ્યો હતો. ન્યુઝીલેન્ડના બેટ્સમેનોએ અશ્વિન સામે શરણાગતિ સ્વીકારી લીધી હતી. અશ્વિને પ્રથમ ઈનિંગ્સની જેમ જ બીજી ઈનિંગ્સમાં પણ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ૫૯ રન આપીને સાત વિકેટ ઝડપી હતી. ભારતે આ ટેસ્ટ મેચ જીતીને શ્રેણી ૩-૦થી પોતાના નામ ઉપર કરી હતી. સમગ્ર શ્રેણીમાં જોરદાર દેખાવ કરનાર અશ્વિનની મેન ઓફ દ મેચ અને મેન ઓફ દ સિરીઝ તરીકે પસંદગી કરવામાં આવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે ટેસ્ટ ક્રિકેટમાં નંબર વન ઉપર પોતાની સ્થિતિને આ જીત સાથે વધુ મજબૂત બનાવી દીધી હતી. અગાઉ ભારતે પ્રથમ દાવમાં પાંચ વિકેટે ૫૫૭ રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. કેપ્ટન વિરાટ કોહલી ૨૧૧ રન કરીને આઉટ થયો હતો જેમાં ૨૦ ચોગ્ગાનો સમાવેશ થાય છે. રહાણે ૧૮૮ રન કરીને આઉટ થયો હતો. રહાણેએ ૧૮ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે આ રન બનાવ્યા હતા.

ત્રાસવાદી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. જમ્મુ કાશ્મીર ઈડીઆઈની ઓફિસ ઝેલમ નદીના કિનારે સ્થિત છે જે શ્રીનગર શહેરથી ૧૨ કિલોમીટરના અંતરે છે. ઈડીઆઈ હોસ્ટેલમાં હુમલો કરવાના અહેવાલથી ફરી એકવાર તંગદિલી વધી ગઈ છે. આજે પણ સવારમાં સાત વાગ્યા સેનાએ ત્રાસવાદીઓ સામે ઓપરેશન હાથ ધર્યુ હતુ. બન્ને તરફથી ગોળીબાર કરાયો હતો. ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યા હતા. જેકેઈડીઆઈ સંકુળની પાછળ સેનાએ ત્રાસવાદીઓને ઘેરી લીધા હતા. ઘટનાસ્થળ જમ્મુ કાશ્મીર નેશનલ હાઈવેથી બિલકુલ નજીક છે. છેલ્લા ૨૦ દિવસની અંદર કાશ્મીરમાં આ પાંચમો મોટો હુમલો કરવામાં આવ્યો છે.